## લગ્ન પ્રસંગોમાં સિતાર હાર્મોનીની વધતી લોકપ્રિયતા

# સંગીત અને લગ્ન : એક પાવન જોડાણ, સંસ્કૃતિ...

### સિતાર હાર્મોની: એક સંગીતપ્રયોગ જે દિલ જીતી રહ્યો છે

સિતાર હાર્મોની એ સિતારબોય ઈવેન્ટ્સ દ્વારા વિકસાવવામાં આવેલ અનોખું સંગીતપ્રકાર છે. ડો.નીતિન પરમાર ફેકલ્ટી ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ, ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા ખાતે સિતાર-સંગીતના આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે સેવા આપી રહ્યા છે. જે એમના દ્વારા સંચાલિત છેસંગીતક્ષેત્રે તેમના યોગદાનને કારણે, રાષ્ટ્રપતિ મહામહિમ પ્રણવ મુખર્જી દ્વારા 2012માં ઈન્દિરા ગાંધી એનએસએસ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.





## હાલના સમયમાં સિતારવાદ કરીને શાસ્ત્રીય સંગીતને ફ્યૂઝનના મિશ્રણ સાથે પ્રસ્તુતીથી સંગીતનો વ્યાપ



ભારતીય સંસ્કૃતિમાં સંગીતને પવિત્રતા અને ભાવનાઓ સાથે જોડવામાં આવ્યું છે. સંગીત માત્ર એક કલા નહીં, પરંતુ એક આદર્શ પરંપરા છે, જે માનવીના અંતરંગ ભાવોને વ્યક્ત કરે છે. લગ્નપ્રસંગો એ માત્ર બે વ્યક્તિઓનું મિલન નથી; તે બે પરિવારો, બે સંસ્કૃતિઓ અને અનંત ભાવનાઓનું એક મિલન છે. આ પ્રસંગોની વિશેષતા એ છે કે તેમાં સંગીતનું એક અનિવાર્ય મહત્વ છે. પરંપરાગત રીતે, લગ્ન સમારંભો શહેનાઈના મધુર નાદથી શરૂ થાય છે, જે શુભતા અને પવિત્રતાનું પ્રતિક માનવામાં આવે છે. સાથે જ ગરબા, લગ્નગીતો, સંગીત સંધ્યાઓ અને ઓરકેસ્ટ્રા પણ લોકોના આનંદ અને ઉત્સાહમાં વધારો કરે છે. પરંતુ તાજેતરના સમયમાં, લગ્નપ્રસંગોમાં નવતર સંગીત શૈલીઓ પ્રસરવા લાગી છે. વેસ્ટર્ન સંગીત અને ડીજે ઉપરાંત, લોકો હવે ભારતીય શાસ્ત્રીય સંગીતના નવનિર્માણ પ્રયોગો તરફ વધુ આકર્ષાઈ રહ્યા છે. આજકાલ એક નવા સંગીતપ્રકાર - સિતાર હાર્મોની - એ વિશેષ લોકપ્રિયતા મેળવી છે. આ અનોખી પ્રસ્તુતિમાં અનેક સિતારવાદકો એકસાથે શાસ્ત્રીય રાગ અને ફ્યુઝન સંગીત દ્વારા એક શાંતિપ્રદ અને ઉત્તમ સંગીતમય માહોલ સર્જે છે. સિતાર એ ભારતીય શાસ્ત્રીય સંગીતનું એક સૌથી વધુ લોકપ્રિય તંતુ વાદ્ય છે, જેને ભારતરત્ન પંડિત રવિશંકર, આફતાબ એ સિતાર ઉસ્તાદ વિલાયત ખાન અને અન્ય સિતાર વાદકો દ્વારા દેશ વિદેશ માં ખૂબ લોકપ્રિય થયું છે. વીણા ના આધુનિક સ્વરૂપ તરીકે વિકસિત થયેલ સિતાર, શાસ્ત્રીય સંગીતના રસિયાઓ માટે એક પવિત્ર અને આદર્શ વાદ્ય છે. સિતારના મધુર નાદ અને રાગોની ઊંડાણભરી સમૃદ્ધિ શ્રોતાઓને એક દિવ્ય અને આધ્યાત્મિક અનુભૂતિ પ્રદાન કરે છે. શાસ્ત્રીય માન્યતાઓ અનુસાર, દેવી સરસ્વતી હંમેશા વીણા જે સિતારનું પૂર્વજ સ્વરૂપ છે, સાથે દર્શાવવામાં આવે છે. એવી માન્યતા છે કે, સિતારના તાર જ્યારે મીંડ દ્વારા સ્પંદિત થાય છે, ત્યારે તે નાદબ્રહ્મ સાથે જોડાયેલ સ્વરલહેરીઓ સર્જે છે. સિતારના રાગો અને તેમની ભિન્નતાઓ શ્રોતાઓને મનોબળ, શાંતિ અને સ્નેહની અનુભૂતિ કરાવે છે. જ્યારે સિતાર હાર્મોનીમાં અનેક સિતારો સાથે વાગે છે, ત્યારે તે સંગીતમય દિવ્યતા અને એક ધર્મપ્રેરિત ઉર્જાને ઉદ્દભાવે છે. સિતાર હાર્મોની એ એક અનોખી પ્રસ્તુતિ છે, જેમાં પાંચ કે તેથી વધુ સિતારવાદકો એકસાથે સંગીત પ્રસ્તુત કરે છે. તેમાં ફિલ્મી ગીતો, શાસ્ત્રીય સંગીતના રાગો અને આધુનિક સંગીતનું ફ્યુઝન જોવા મળે છે.



### સિતાર હાર્મોનીનાં લક્ષણો

એકસાથે એકથી વધુ સિતારવાદકો, જે એક અનન્ય સંગીતમય માહોલ ઊભો કરે છે.શાસ્ત્રીય અને આધુનિકસંગીતનું મિશ્રણ, જે તમામ શ્રોતાઓ માટે શ્રવણસુખદ હોય છે.લગ્નપ્રસંગો માટે શ્રેષ્ઠ પસંદગી, કારણ કે તે ધીમી અને મધુરલય સાથે પવિત્ર અને શાંત વાતાવરણ ઉભું કરે છે. જે પ્રસંગ માં આવતા સ્નેહીજનો ને એકબીજા સાથે વાતો તેમજ પ્રસંગ ને ઉજવવા માં ખલેલ નથી પોહચાડતો.

### લગ્નપ્રસંગ માટે શ્રેષ્ઠ સંગીતપ્રસ્તુતિ

લગ્ન એ જીવનમાં એક અનન્ય ક્ષણ છે, જ્યાં બે આત્માઓ અને બે પરિવારો એકબીજામાં ઓતપ્રોત થાય છે. આવા પાવન પ્રસંગો માટે સિતાર હાર્મોની એક ઉત્તમ સંગીતલહેરી સમી સાબિત થઈ રહી છે. આ પ્રસ્તુતિ એકસાથે શાસ્ત્રીય સંગીતની મહેક, લોકપ્રિય સંગીતના મધુર સ્વરો અને આધુનિક સંગીત સાથે એક અનન્ય સંગીતમય માહોલ તૈયાર કરે છે. સિતાર હાર્મોની એ માત્ર એક સંગીતપ્રસ્તુતિ નહીં, પણ શ્રોતાઓ માટે એક સંગીતમય યાત્રા છે.





### ઘણા લોકો રીટાયર્ડ થઈ ગયા પછી પણ સંગીત શીખવા માટે આવે છે

વિદ્યાર્થીઓ માત્ર વર્ગખંડમાં અભ્યાસ જે થાય છે. ત્યાં સુધીજ તેમનું જ્ઞાન સીમિત ના રહે તે હેતુથી વર્ષ દરમિયાન તેમના માટે રાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતિ પ્રાપ્ત સિતાર અને વાયોલિન વાદકો દ્વારા વર્કશોપનું આયોજન કરવામાં આવે છે. જેમાં હાલ ના તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ખૂબ ઉત્સાહ પૂર્વક ભાગ લે છે અને પોતાની કલા અને પ્રતિભા ને વધુ સારી રીતે ઉજાગર કરી શકે તે હેતુથી અભ્યાસ પણ કરે છે. હાલ પર્ફોર્મિંગ આર્ટસ ફેકલ્ટી ખાતે 11 વર્ષની ઉંમરથી લઈને 70 વર્ષ સુધીના સ્ટુડન્ટ તાલી મેળવી રહ્યા છે જ્યારે ઘણા લોકો રીટાયર્ડ થઈ ગયા પછી પણ સંગીત શીખવા માટે આવે છે. હાલ 40 થી 50 જેટલા વિદ્યાર્થીઓ સિતાર નો અભ્યાસ કરી રહ્યા છે.

### વાદ્ય વિભાગમાં સિતાર શીખવા માટે આવતા વિદ્યાર્થીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો



આ પ્રકારના સંગીતિક પ્રયાસો દ્વારા આપણી સાંસ્કૃતિક વિરાસત સામાન્ય જનતા સુધી સરળતાથી પહોંચે છે, જેનાથી આપણે આ ભવ્ય પરંપરાને જાળવી રાખી શકીએ છીએ. સિતાર હાર્મોની જેવા નવતર પ્રયોગો માત્ર સંગીતપ્રેમીઓ માટે આનંદદાયક નથી, પરંતુ તે યુવાપેઢીને ભારતીય શાસ્ત્રીય સંગીત પ્રત્યે આકર્ષિત કરવા માટે પણ એક સક્રિય પગલું છે. ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટ્સના વાદ્ય વિભાગમાં સિતાર શીખવા માટે આવતા વિદ્યાર્થીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. આજના યુવાનો શાસ્ત્રીય સંગીત તરફ ઝુકાણ અનુભવી રહ્યા છે, જે આપણું સાંસ્કૃતિક ભવિષ્ય ઉજ્જવળ બનાવે છે. શાસ્ત્રીય સંગીતના ક્ષેત્રમાં આવા નવતર પ્રયાસો દ્વારા નવા કલાકારો અને શ્રોતાઓની સંખ્યામાં વૃદ્ધિ થતી રહેશે, જે એક ઉત્તમ સંકેત છે. : **પ્રો. ગૌરાંગ ભાવસાર, ડીન, ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટ્સ મ.સ.યુનિ.**

---



# માસિક સ્રાવ-સ્વચ્છતાની જાગૃતિ માટે મહિલાઓ લાલ સાડી પહેરીને દોડી..



### દોડની છઠ્ઠી આવૃત્તિમાં 18 વર્ષથી ઓછી ઉંમરની છોકરીઓએ સ્વચ્છતા મુદ્દે નવી શ્રેણી તરીકે ભાગ લીધો

**>> રેડ સાડી દોડમાં ત્રણ વય શ્રેણીઓમાં 250 મહિલા સહભાગીઓએ ભાગ લીધો, જેમાં દરેક માટે નવ વિજેતા અને ફિનિશર મેડલ હતા**

માસિક સ્રાવની સ્વચ્છતા અને ફિટનેસને પ્રોત્સાહન આપવા માટે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી માટે વડોદરામાં આયોજિત લાલ સાડી દોડમાં લગભગ ૨૫૦ મહિલાઓ અને છોકરીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું આયોજન મોમ્સ ઓફ વડોદરા (MOV) દ્વારા મહિલા મહિલાઓને પ્રોત્સાહન આપવા અને માસિક સ્રાવની સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવા માટે કરવામાં આવ્યું હતું. મોમ્સ ઓફ વડોદરા ફેસબુક પર માતાઓ માટેનું પ્રથમ અને એકમાત્ર પ્લેટફોર્મ છે, જેની સ્થાપના પ્રિયંકા કપૂર દ્વારા કરવામાં આવી છે. આ જૂથ બિઝનેસ નેટવર્કિંગ અને શારીરિક અને માનસિક સુખાકારી જેવા વિવિધ પાસાઓમાં મહિલાઓને સેવા આપે છે. મહિલાઓમાં અને ખાસ કરીને માતાઓમાં ફિટનેસને પ્રોત્સાહન આપવા માટે MOV દર મહિલા દિવસે સાડી દોડનું આયોજન કરે છે. આ વર્ષની છઠ્ઠી આવૃત્તિમાં લાલ કોડ હતો. ત્રણ વય શ્રેણીઓમાં 250 થી વધુ મહિલાઓએ ભાગ લીધો હતો અને નવ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા અને બધી ફિનિશર્સે મેડલ મેળવ્યા હતા. “માસિક સ્વચ્છતા એ મહિલા સ્વાસ્થ્યનો એક આવશ્યક ઘટક છે જેના માટે સતત ધ્યાન અને કાર્યવાહીની જરૂર છે. વિશ્વભરમાં મહિલાઓ અને છોકરીઓના માસિક સ્વાસ્થ્યને સુધારવા માટે શિક્ષણ, સેનિટરી ઉત્પાદનોની ઉપલબ્ધતા અને પર્યાપ્ત સુવિધાઓ મુખ્ય ઘટકો છે. દોડનું આયોજન કરવાનો હેતુ માતાઓમાં ફિટનેસને પ્રોત્સાહન આપવાનો અને માસિક સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવાનો છે. આ વર્ષે, અમે 18 વર્ષથી ઓછી ઉંમરની છોકરીઓ માટે એક નવી શ્રેણી રજૂ કરી. આ વધારાનો હેતુ નાની ઉંમરથી જ ફિટનેસ અને માસિક સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવાનો છે. અમારી પાસે શ્રી કૃષ્ણ હોસ્પિટલ, કરમસદના એક કેન્સર સર્જન પણ હતા, જેમણે સ્તન કેન્સર માટે વહેલા નિદાન અને સ્ક્રીનીંગ અંગે જાગૃતિ અંગે સહભાગીઓ સાથે વાતચીત કરી હતી,” પ્રિયંકા કપૂરે જણાવ્યું.

---

**નમો ડ્રોન દીદી યોજનામાં સોનલબેન વનરાજસિંહ પઢિયાર રોજીંદા ઘરકામ સાથે ઈતર પ્રવૃતિના ભાગરૂપે જોડાયા**

# વડોદરા જિલ્લાની ત્રણ મહિલાઓને ડ્રોન ઉડાવવા સાથે મળી આત્મ વિશ્વાસની પાંખો

### ડ્રોન દીદી બનવા માટે સખી મંડળો અને તેની પ્રવૃતિઓ બન્યા ‘ગેટ વે’





વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના મિયાગામ ગામના સોનલબેન વનરાજસિંહ પઢિયારની. રોજીંદા ઘરકામ સાથે ઈતર પ્રવૃતિના ભાગરૂપે તેઓ વર્ષ ૨૦૧૪ માં સખી મંડળમાં જોડાયા હતા. ફક્ત ધોરણ ૧૨ ભણેલા સોનલબેને ટૂંક સમયમાં ૧૧૦ જેટલા મંડળ બનાવીને શ્રેષ્ઠ કામગીરી કરતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરાયેલ નમો ડ્રોન દીદી યોજના અંતર્ગત તેમની ડ્રોન દીદી તરીકે પસંદગી કરવામાં આવી છે.

ડ્રોન દીદી બન્યા બાદ નેનો યુરિયાના છંટકાવ માટે સોનલબેન પઢિયારને ૧૮ થી ૨૦ જેટલા ઓર્ડર મળ્યા છે. આજ દિવસ સુધી સોનલબેને આત્મનિર્ભરતા સાથે ડ્રોનના રિમોટ કંટ્રોલ થકી ૭૦વિઘા જેટલી જમીનમાં નેનો યુરિયાનો છંટકાવ કરીને ૮ થી ૯ માસમાં ૪૦ હજાર જેટલી કમાણી કરીને સમૃદ્ધિનો પથ અપનાવી લીધો છે. સોનલબેન જણાવે છે કે, તેમણે ક્યારેય ઘરમાંથી રૂ.૫૦૦ ની પણ લેવડદેવડ કરવાની જવાબદારી ન હતી. આજે ડ્રોન દીદી બન્યા અને સખી મંડળમાં જોડાયા બાદ લાખો રૂપિયામાં નાણાંકીય વ્યવહારો કરતા થયા છે. ફક્ત ઘરકામ કરીને પરિવાર સાથે સમય વિતાવતા સોનલબેન આજે હજારો લોકો સમક્ષ પોતાના વિચારો રજૂ કરતા થયા છે.



**જીવનમાં ક્યારેય સાયકલ પણ નથી ચલાવી, આ યોજના થકી આજે ડ્રોન પાયલોટ બની છું: સોનલબેન પઢિયાર**